વર્ષ ૨૦૧૫-૧૬ આયોજન હેઠળ નવી બાબત અન્વયે
પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા વર્ગ બાબત(એસએસએ)

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઈ ૧૪૨૦૧૪-૩૦૯૯/ક
સચિવાલય ગાંધીનગર,
તા.૧૬/૦૪/૨૦૧૫

વંચાણે લીધા

(૧) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ના તા૨૯/૧૧/૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃપ્રાશિનિ/ચ.૧/ બજેટ/ એસએસએ/૧૪-૧૫/૩૯૩૭-૩૯

(૨) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગરના તારીખઃ૧૩/૧/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃએસએસએ/કયુઇએલ/૨૦૧૫/૧૬૮-૮૭

(૩) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગરના તારીખઃ૧૨/૩/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃએસએસએ/હસબ/૨૦૧૫-૧૬/૨૬૨૮-૨૬૩૧

(૪) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગરના તારીખઃ૧૨/૩/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃએસએસએ/હસબ/વહીવટીમંજરી/૨૦૧૫-૧૬/૮૨૦૮-૮૨૧૦

ઠરાવ

રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં પ્રજ્ઞા વર્ગ સજ્જતા માટે બાળકોના લેખન કૌશલ્યના વિકાસ માટેના હેતુથી આ સેવાઓ પુરી પાડવા સૈધાંતિક નિર્ણય લેવાયા મુજબ આ અંગે વર્ષ-૨૦૧૫-૧૬ ના વર્ષમાં રૂા.૧૧૩૦૦.૦૩/- લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. આ જોગવાઈને વહીવટી મંજુરી આપવા સંદર્ભ (૪) ના સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગરના પત્રથી કરેલ દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે નીચે કોઠામાં દર્શાવ્યા પ્રમાણે રાજયમાં બિન આદિજાતી વિસ્તાર માટે રૂા. ૮૫૧૩.૩૯/-લાખ, આદિજાતિ વિસ્તાર માટે૧૯૮૫.૪૭ તથા ખાસ અંગભુત વિસ્તાર માટે રૂા.૮૦૧.૧૭/-લાખ મળીને કુલ રૂા.૧૧૩૦૦.૦૩ લાખ ની નવી બાબતને નીચે દર્શાવ્યા મુજબની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

| પ્રવૃતિનું નામ | યુનિટ કોસ્ટ | યુનિટની સંખ્યા | કુલ જોગવાઇ |
|---|---|---|---|
| | | | (રૂ.લાખમાં) |
| લો ફલોર રાઇટીંગ ટેબલ | ૧૦૦૦ | ૭૫૦૬૫૫ | ૭૫૦૬.૫૩ |
| ત્રણ રેંક નો સેટ | ૧૫૦૦૦ | ૧૩૫૦૦ | ૨૦૯૨.૯૦ |
| દરદાર શેતરંજી | ૩૫૦૦ | ૪૧૭૦૫ | ૧૪૫૯.૬૦ |
| પ્રજ્ઞા વર્ગ લર્નિંગ મટીરીઅલ(ધોરણ-૧ અને ૨ ની શાળાઓમાં | ૨૨૦૦ | ૧૫૦૦ | ૩૩.૦૦ |
| પ્રજ્ઞા વર્ગ લર્નિંગ મટીરીઅલ(ધોરણ-૩ અને ૪ ની શાળાઓમાં | ૨૨૦૦ | ૨૯૦૦ | ૬૩.૮૦ |
| પ્રજ્ઞા વર્ગ શિક્ષકોને રીફ્રેસમેન્ટ તાલીમ | ૨૦૦ | ૭૨૧૦૦ | ૧૪૪.૨૦ |
| કુલ પ્રજ્ઞા સરવાળો | | | ૧૧૩૦૦.૦૩ |

શ ર તો

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રિય જોગવાઇને આધિન અને નાણાં વિભાગે વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રે જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતીથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવંતમાન ખરીદ નિતીની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર /પ્રોસેસીગંમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ કમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) પ્રવંતમાન યોજનાના નોર્મ્સ અને રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવીલેવાના રહેશે.

(૧૦) આઇ.ટી. સંબંધીત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ ખર્ચ તા.૧/૪/૨૦૧૫ થી કરવાનો રહેશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯-મુખ્ય સદર-૨૨૦૨-૦૧-૧૦૬-૧૦ માંગણી નં. ૯૬ આદિજાતી વિસ્તાર માટે ૨૨૦૨-૦૧-૭૯૬-૩૭ અને માંગણી નં.૯૫ ખાસ અંગભુત વિસ્તાર માટે ૨૨૦૨-૧-૮૦૦-૦૨ હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨/૪/૨૦૧૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એમ. બ્રહ્મભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર

- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)

સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા